તારીખ ઃ
દાખલ તારીખ ઃ
ફેસલ તારીખ ઃ
અવધી ઃ વર્ષ. માસ. દિવસ.

**સુરત જીલ્લાના સત્ર ન્યાયાધીશની કોર્ટમા,મુકામ સુરત**

**સેશન્સ કેસ નંબરઃ ૧૫૬/૨૦૧૪**

**આંક –**

**ફરીયાદીઃ ઃ શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી ઃ (૧) રાજુ ઉર્ફે ગાંડા માણકા રબારી**
**ચાલુ કામે ગુજરી જતાં એબેટ કર્યા.**
**(૨) ભાલચંદ્ર રામદુલારે યાદવ**

બંને રહેઃ–જલારામ નગર સોસાયટી,ગોડાદરા,
લીંબાયત, સુરત.

ગુનોઃ– ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭,૩૪ તથા બી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ

**ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કુ.આર.જી.પારેખ**

**આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી એસ.આર.મિશ્રા**

**૦૦ ચુકાદો ૦૦**

(૧) આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭,૩૪, તથા બી.પી.એકટની કલમ ૧૩૫ હેઠળ શીક્ષાને પાત્ર ગુના અંગેનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે ફરીયાદી લુમ્બારામ રૂપાજી ચૌધરી કુબેરનગરની બાજુમાં, શીવનગરની સામે,પરબત ગોડાદરા રોડ ખાતે રહે છે. તા.૪.૯.૯૩ રોજ રાતના દશેક વાગ્યે તેઓ તેમની દુકાન બંધ કરીને ઘરે ગયેલ હતા અને જમી પરવારી લુંગી તથા

બનીયાન ઉપર તેમના ઘરના ઓટલા ઉપર બેસેલા હતા.તેમની બાજુમાં તેમના નાના ભાઈ દોલારામ તથા પાડોશી ઓમપ્રકાશ પણ બેસેલ હતા અને તેઓ વાતો કરતા હતા.તેમના પત્ની કેસરીબેન જમતા હતા અને ઓમપ્રકાશની પત્ની પણ તેમની બાજુમાં બેસેલ હતા ત્યારે તેઓ તેમના ભાઈ દોલારામને તથા તેમના પાડોશી ઓમપ્રકાશને કહેતા હતા કે રાજુ ઉર્ફે ગાંડા માણકા રબારી તથા તેની સાથે એક ઈસમ પરબત ગોડાદરા રોડ ઉપર આંટા ફેરા મારે છે અને રાજુ ઉર્ફે ગાંડા માણકા દારૂ પીધેલો છે તો હોન્ડા બહુ ભગાડે છે.જેથી કયાંક એકસીડેન્ટ થશે અને મરશે. તેઓ દુકાન બંધ કરીને સાયકલ ઉપર ઘરે જતા હતા ત્યારે તેમની સાથે બાજુમાં રહેતો વેલો ભરવાડ પણ સાયકલ ઉપર તેના ઘર તરફ જતો હતો.ત્યારે રાજુએ વેલાને રોકી કાંઈ વાત કરેલી.પરંતુ તેઓ રોકાયેલ ન હતા. ત્યાં રાતના સાડા દશ પોણા અગીયાર વાગ્યા હશે તે રાજુ માણકા તથા તેના સાથેનો લાઈટ ક્રીમ કલરનો પેન્ટ બુશર્ટ પહેરેલ ઉ.વ.૩૫ નો ઈસમ કે જેને તેઓ દીઠે ઓળખે છે તેઓ બંને રોડ ઉપર હીરોહોન્ડા મુકીને તેમના ઘરે આવેલ.તેઓ ઓટલા ઉપર જ બેસેલ હતા તો રાજુ ઉર્ફે ગાંડા માણકાએ તેમની પાસે આવીને કહ્યું કે શેઠ મને રૂપીયા એક હજાર આપો,જેથી તેઓએ તેને કહ્યું કે તેઓએ સાંજના વેપારના પૈસા વેપારીને પેમેન્ટ કરી દીધેલ છે.અત્યારે તેમની પાસે નથી.ત્યારે તેની સાથેનો ઈસમ થોડે દુર ઉભો હતો તો રાજુ ઉર્ફે ગાંડા માણકા થોડો પાછો ફરેલ અને તેણે નેફામાંથી છરી કાઢી ફરીયાદી ઉપર ધસી આવતાં તેઓ બેઠા બેઠા જ દરવાજામાં આડા પડી ગયેલ જેથી ફરીયાદીના છાતીના ભાગે બનીયન નીચે છરીની અણીનો સહેજ ચરકો થઈ ગયેલ ત્યાં તેણે બીજો ઘા કરવા જતાં ફરીયાદીના ભાઈ દોલારામે દોડીને તેને પાછળથી પકડી લીધેલ અને નાળ પકડીને તેના હાથમાંની છરી પડાવી લીધેલ અને સાથેના ઓમપ્રકાશ જલાભાઈ રબારીને દોડીને બોલાવવા ગયેલ અને ફરીયાદી બચાવો બચાવોની જોરજોરથી બુમો પાડતાં આ રાજુ ઉર્ફે ગાંડા માણકા તથા તેની સાથેનો ઈસમ ઓટલા ઉપરથી કુદકો મારી એકદમ ભાગેલ.તેઓ રોડ તરફ હીરોહોન્ડા પડેલ હતી તે તરફ ભાગેલ ત્યાં પાડોશમાં રહેતા ભરવાડો પણ લાકડીઓ લઈને દોડી આવેલ અને રોડ તરફ તેના

તરફ ભાગેલ અને રોડ ઉપરથી પણ કોઈ વિધ્યુત બોર્ડના માણસો તેની મોટર સાયકલ તરફ દોડતાં આ રાજુ ઉર્ફે ગાંડા માણકા રબારી તથા તેની સાથેનો ઈસમ રોડની પુર્વ તરફ બેન્સાના ખુલ્લા ખેતર તરફ દોડીને ભાગી ગયેલા.આ મુજબની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી થવા સારુ લીંબાયત પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર નાઓ રૂબરૂ આપતાં લીંબાયત પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી.નં.૪૯/૯૩ થી ગુનો રજીસ્ટર્ડ કરવામાં આવેલો અને આગળની તપાસ પોલીસ ઈન્સ્પેકટરશ્રી લીંબાયત પોલીસ સ્ટેશન નાઓને સોંપવામાં આવેલ. તેઓએ તપાસની કાર્યવાહી દરમ્યાન આરોપીઓને અટક કરેલ અને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા સુરતના ચીફ જયુડીશીયલ મેજીષ્ટ્રેટશ્રી ની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ..ત્યારબાદ સુરતના ચીફ જયુડીશીયલ મેજીષ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી નાઓએ આરોપીઓને પોલીસ પેપર્સ આપેલા અને ત્યારબાદ આ કામે ઈ.પી.કો.કલમ ૩૦૭ મુજબનો ગુનો કે જે સત્ર ન્યાયાલય દ્વારા જ ચાલી શકે તેમ હોવાના કારણે આ કામ ક્રી.પ્રો.કોડ કલમ ૨૦૯ ની જોગવાઈઓ હેઠળ સત્ર ન્યાયાલયમાં કમીટ કરેલ છે.

(૩) ત્યારબાદ આ કેસ ઈન્સાફી કાર્યવાહી માટે આ અદાલતમાં આવતાં આરોપીને વિના મુલ્યે પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાત્રી કરાયા બાદ આંક–૭ થી તહોમતનામું આરોપીને વાંચી સંભળાવી સમજાવેલ જેમાં આરોપીએ ગુનો કબુલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેમ જણાવતાં આરોપી વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવી.

(૪) ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના સાહેદોને તપાસેલ છે.

**<u>મૌખિક પુરાવા</u>**

| સાહેદ નં. | સાહેદોના નામ | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ જલાભાઈ મહાદેવભાઈ દેસાઈ | ૪૪ |
| ૨. | સાહેદ મેપાભાઈ મેરાભાઈ ભરવાડ | ૪૫ |
| ૩. | સાહેદ બીજલભાઈ મેરાભાઈ ભરવાડ | ૪૬ |

| | | |
|---|---|---|
| ૪ | સાહેદ ડો.બાલુભાઈ રવજીભાઈ પાંચાણી | ૫૧ |
| ૫ | સાહેદ પરશુરામ તુલસીરામ સીંદે પોલીસ સબ ઈન્સ્પેકટર | ૫૬ |

(૫) ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે.

| ક્રમ | દસ્તાવેજોનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીનું ન્યુ.સીવીલ હોસ્પીટલનું સર્ટીફીકેટ | ૫ર |
| ૨ | ફરીયાદીનું શરીર સ્થિતિનું પંચનામુ | ૫૩ |
| ૩. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૫૪ |
| ૪ | ફરીયાદ | ૫૭ |

(૬) ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું આંક–૫૯ થી જાહેર કરેલ છે.

(૭) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રી.પ્રો.કોડ કલમ–૩૧૩ અન્વયે આરોપી નં.ર્નું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અલબત પોતાના બચાવમાં કોઈ લેખીત કે મૌખિક પુરાવા રજુ કરેલ નથી અને તેઓની સામે કોઈ પુરાવો ન હોવા છતાં પોલીસે ખોટી રીતે આરોપી બનાવી તેઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ હોય દયા બતાવી યોગ્ય હુકમ કરવા જણાવેલ છે.

(૮) આ કામે ફરીયાદ પક્ષ તરફથી વિધ્વાન એ.પી.પી.શ્રીની રજુઆત છે કે,આ કામે ફરીયાદ પક્ષે જે સાહેદોને તપાસવામાં આવેલ છે તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી પરંતુ ડો.સાહેદના પુરાવાથી તેમજ તપાસ કરનાર અમલદારના પુરાવાથી આ કામના આરોપી સામેનો ગુનો નિઃશંકપણે પુરવાર થતો હોય આરોપીને તકસીરવાન ઠરાવી યોગ્ય સજા કરવા રજુઆત કરેલ છે.

(૯) બચાવપક્ષ તરફે આરોપી નં.ર ના વિ.વ.શ્રીની રજુઆત છે કે,આ કામે ફરીયાદ પક્ષે જે પણ સાહેદોને તપાસવામાં આવેલા છે તેઓનો પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીએ ફરીયાદી ઉપર ચપ્પુ વડે હુમલો કરેલ હોય અને ફરીયાદીને ચપ્પુથી ઈજા કરેલ હોય તેવી કોઈ

હકીકત પુરવાર થતી નથી. તેમજ આ કામે તપાસવામાં આવેલા સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા હોય આ કામના આરોપી સામેનો ગુનો નિઃશંકપણે પુરવાર થતો ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૧૦) આ સંજોગોમાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ છે કે,આ કામના આરોપી તથા મરણ જનાર આરોપીએ એકબીજાની મદદગારીથી પુર્વયોજીત કાવતરૂ રચી તારીખ ૪/૪/૯૩ ના રોજ કલાક ૨૨–૩૦ ના સુમારે ફરીયાદીના ઘરે કુબેરનગરની સામે શીવનગર ગોડાદરા જઈ ફરીયાદી પાસે મરણ જનાર આરોપીએ રૂા.૧૦૦૦/–ની માંગણી કરતાં ફરીયાદીએ આપવાની ના પાડતાં મરણ જનારે ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે તેની પાસેની છરીનો ઘા કરી ફરીયાદીને છાતી ઉપર કાળજાના ભાગે સહેજ ઈજા કરી ખુન કરવાની કોશીષ કરી તેમજ પોલીસ કમીશ્નરશ્રીના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી છરી ધારણ કરી ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭,૩૪ તથા બી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૧૧) આ કામે તપાસેલ સાહેદોની જુબાની,રજુ થયેલ મૌખિક અને લેખીત દસ્તાવેજો તેમજ પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની મૌખિક દલીલો વિગેરે ધ્યાને લેતાં ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**કા ર ણો**

**મુદ્દા નંબરઃ–૧;–**

(૧૨) આ કામે ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવા માટે સાહેદ નં.૧ તરીકે જલાભાઈ મહાદેવભાઈ દેસાઈને આંક–૪૪ થી તપાસેલા છે.સદર સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે બનાવ આશરે ૨૫ વર્ષ પહેલાં બનેલો. તે દીવસે તેઓ તેમના વતન મહેસાણા મુકામે ગયેલા હતા. બનાવના બીજા દીવસે તેઓ સુરત આવેલા ત્યારે પોલીસ લુંબારામના ઘરે આવેલી તેથી તેઓને બનાવની જાણ થયેલી. સાહેદને કોઈ બનાવની જાતમાહીતી નથી.સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ તેઓ ઉલટ તપાસમાં પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી.

(૧૩) ફરીયાદ પક્ષે સાહેદ નં.૨ મેપાભાઈ મેરાભાઈ ભરવાડને આંક–૪૫ થી તપાસેલા છે.સદર સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે તેઓ ફરીયાદી કે તેમના ભાઈને ઓળખતા નથી. શું બનાવ બનેલો અને કયારે બનેલો તેની તેમને ખબર નથી.સાહેદને કોઈ બનાવની જાતમાહીતી નથી.સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ તેઓ ઉલટ તપાસમાં પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી.

(૧૪) ફરીયાદ પક્ષે સાહેદ નં.૩ બીજલભાઈ મેરાભાઈ ભરવાડને આંક–૪૬ થી તપાસેલા છે.સદર સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે તેઓ ફરીયાદી કે તેમના ભાઈને ઓળખતા નથી. શું બનાવ બનેલો અને કયારે બનેલો તેની તેમને ખબર નથી.સાહેદને કોઈ બનાવની જાતમાહીતી નથી.સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ તેઓ ઉલટ તપાસમાં પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી.

(૧૫)  ફરીયાદ પક્ષે સાહેદ નં.૪ બાલુભાઈ રવજીભાઈ પાંચાણીને આંક–૫૧ થી તપાસેલા છે.સદર સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે તા.૫/૯/૯૩ ના રોજ તેઓ નવી સીવીલ હોસ્પીટલમાં તેમની ફરજ પર હાજર હતા ત્યારે કલાક ૯–૪૫ વાગ્યે દર્દી નામે દોલારામ કૃપાજી ચૌધરી નાઓ લીંબાયત પોલીસ સ્ટેશનની યાદી સાથે સારવાર માટે આવેલા.સાહેદે દર્દીને હીસ્ટ્રી પુછતાં તેમણે તેઓને જણાવેલ કે કોઈકે તા.૪/૯/૯૩ ના રોજ આશરે રાત્રે ૧૧–૦૦ વાગે ચપ્પુથી હુમલો કરેલો.દર્દીને તપાસતાં તેમના જમણા હાથની હથેળી પર એક લીનીયર ઉઝરડો ૨.૫ સેમી.લંબાઈનો ત્રાંસો લાલ કલરનો માલુમ પડેલો. સાહેદે સદર દર્દીને બહારના દર્દી તરીકે સારવાર આપી જવા દીધેલા. આ અંગેનું તેઓએ સર્ટીફીકેટ તૈયાર કરેલ જે આંક–૫૨ થી આ કામે રજુ થયેલ છે.

(૧૬)  ફરીયાદ પક્ષે સાહેદ નં.૫ પરશુરામ તુલસીરામ સીંદેને આંક–૫૬ થી તપાસેલા છે.સદર સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે તા.૪/૯/૯૩ ના રોજ કલાક ૨૦–૦૦ થી તા. ૫/૯/૯૩ ના રોજ સવારે ૮–૦૦ સુંધી તેઓ પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ઈન્વે ચાર્જમાં હતા તે દરમ્યાન તા.૫/૯/૯૩ ના રોજ ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપતાં તેઓના લખાવ્યા મુજબની લખી લીધેલી જે ફરીયાદ આંક–૫૭ થી રજુ થયેલ છે.ફરીયાદીનું તેઓએ શરીર સ્થિતિનું પંચનામું કરેલ,ફરીયાદીએ છરી રજુ કરતાં કબજે લીધેલ,તેમજ ફરીયાદીને મેડીકલ સારવાર માચે નવી સીવીલ હોસ્પીટલ મોકલી આપેલ.ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ,લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધેલા.ગુનાવાળી જગ્યાએથી થોડે દુર આરોપીઓની મોટર સાયકલ પડેલી હતી તે કબજે કરેલી.આગળની તપાસ પી.આઈ.શ્રી ગામેતી સાહેબને સોપેલી.સાહેદ આંક–૫૩ તથા આંક–૫૪ ના પંચનામામાં તેમની સહીંઓ તથા પંચોની સહીંઓ ઓળખી બતાવે છે.ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ પી.આઈ.શ્રી ગામેતી સાહેબનાઓએ ચાર્જશીટ કરેલ. સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે.સદર સાહેદ તેમની ઉલટ તપાસમાં એ હકીકતનો ઈન્કાર કરે છે કે

ફરીયાદીની ફરીયાદ ખોટી રીતે લઈ લેવામાં આવેલ છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.આમ બચાવ પક્ષ સદર સાહેદની ઉલટ તપાસમાં કોઈ ફળદાયી હકીકત કઢાવી શકેલ નથી.

(૧૭) પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુનો જયાં સુધી નિઃશંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે.સાથે સાથે એક એવું પણ અનુમાન છે કે,જે સાહેદ વીટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરનો પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે.પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઈ ચોકકસ માર્ગદર્શીકા નથી પરંતુ દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજુ થયેલા પુરાવાનુ મુલ્યાંકન કરવાનું રહે છે. પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે અદાલતે એ બાબત પણ ધ્યાને લેવાની રહે છે કે,સાહેદોના ભણતર,સામાજીક મોભો,સામાજીક પરિસ્થિતિ,બૌધિક સ્તર વિગેરે બાબત ધ્યાને લઈ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય છે.સામાન્ય વિરોધાભાસ કયારેક પુરાવામાં આવતા હોય છે પરંતુ આ વિરોધાભાસ કેસના ગુણદોષને અસર કરતા ન હોય તો તે ફરીયાદ પક્ષના કેસને ઘાતક બનતા નથી અને આવા સામાન્ય વિરોધાભાસ અદાલતે અવગણવાના રહે છે,પરંતુ મહત્વના વિરોધાભાસ કે જે કેસના ગુણદોષને અસર કરતા હોય ત્યારે અદાલતે તે ધ્યાને લેવાના હોય છે તેમજ ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર અને ભારતીય ન્યાય પ્રણાલીમાં Falsus in uno falsus in omnibus એટલે એક વાતમાં ખોટુ તે સર્વત્ર ખોટુ તે સિધ્ધાંત સ્વીકારવામાં આવેલો નથી.અદાલતે એ બાબત પણ ધ્યાને લેવાની રહે છે કે ઘણા સમય બાદ સાહેદો જુબાની આપતા હોય છે જેથી જે તે સાહેદોની શૈક્ષણિક લાયકાત,યાદશક્તિ,અવલોકન શક્તિ,બનાવનો પ્રકાર અને બનાવની ગંભીરતા વિગેરે બાબતો પણ મહત્વપુર્ણ બની રહે છે.દરેક સાહેદ કોમ્પ્યુટરની માફક શબ્દસહ જુબાની આપી શકતા નથી.આ તમામ બાબતો

ધ્યાને લઈ અદાલતે પુરાવાનું મુલ્યાંકન પાયાના સુસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લઈને આ કામે કરેલ છે.

(૧૮) આ કામે રેકર્ડ ઉપર જે પુરાવો આવેલ છે તે જોવામાં આવે તો સાહેદ નં.૪ ડો. બાલુભાઈ રવજીભાઈ પાંચાણીને આંક–૫૧ થી તપાસેલા છે.સદર સાહેદે ઈજા પામનારને તપાસેલા છે.ડોકટરના પુરાવા મુજબ ઈજા પામનારને બનાવ અંગે હીસ્ટ્રી પુછતાં કોઈકે તેમને તા.૪/૯/૯૩ ના રોજ રાત્રીના ૧૧–૦૦ વાગ્યે ચપ્પુથી હુમલો કરેલાનું જણાવેલ છે. વધુમાં ડોકટરશ્રીના પુરાવા મુજબ ઈજા પામનારને તપાસતાં તેઓ ભાનમાં હતા.તેમજ તેમને થયેલ ઈજા ઉઝરડા સ્વરૂપની હોય દર્દીને બહારના દર્દી તરીકે સારવાર આપી જવા દીધેલા. આમ આ કામે ઈજા પામનારને કોણે ઈજા કરેલી તે હકીકત સ્પષ્ટપણે પુરવાર થતી નથી . તેમજ આ કામે ફરીયાદીની સારવાર કરાવવામાં આવેલ હોય તેવો પણ કોઈ પુરાવો રજુ થયેલ નથી. આ કામે સાહેદ નં.૧ તરીકે જલાભાઈ મહાદેવભાઈ દેસાઈને તપાસવામાં આવેલ છે.સદર સાહેદના પુરાવા મુજબ આ કામના ફરીયાદી લુંબારામ તેમના મકાનમાં ભાડેથી રહેતા હતા અને લુંબારામ દશેક વર્ષ પહેલાં અકસ્માતમાં મરણ ગયેલાનું જણાવે છે. વધુમાં સદર સાહેદનો પુરાવો જોતાં તેઓ બનાવના દીવસે તેઓ તેમના વતનમાં ગયેલા. તેમજ આ કામે સાહેદ નં.૨ તરીકે મેપાભાઈ મેરાભાઈ ભરવાડને આંક–૪૫ થી તપાસેલા છે તેમજ સાહેદ નં.૩ બીજલભાઈ મેરાભાઈ ભરવાડને આંક–૪૬ થી તપાસેલા છે.સદર બંને સાહેદોને શું બનાવ બનેલો અને કયારે બનેલો તેની તેમને માહીતી નથી.તેમજ તેઓ ફરીયાદી કે તેમના ભાઈને ઓળખતા ન હોવાનું જણાવતા હોય ત્રણે સાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.વધુમાં આ કામે મુખ્ય આરોપી કે જેઓએ ફરીયાદીને ઈજા કરેલાનો ફરીયાદ પક્ષનો કેસ છે તે આરોપી નં.૧ મરણ જતાં તેમની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે.વધુમાં આ કામે ફરીયાદી કે ઈજા પામનાર સાહેદને વારંવાર સમન્સ કરવા છતાં મળી આવતા ન હોય આ કામે તેઓને તપાસેલા નથી. આ કામે બનાવ તા.૪/૯/૧૯૯૩ નો છે અને ફરીયાદ પક્ષ તરફથી ફરીયાદી કે ઈજા

પામનારને મળી આવતા ન હોય તપાસેલ નથી જેથી મુખ્ય પુરાવાના અભાવે પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આ કામે ફરીયાદ પક્ષનો કેસ જોતાં આરોપી નં.૨ નાએ આરોપી નં.૧ સાથે મોટર સાયકલ ઉપર ગયેલ છે તેટલા પુરતો સીમીત છે પરંતુ તે હકીકત પણ કોઈ માનવા લાયક પુરાવા દ્વારા પુરવાર કરેલ નથી. વધુમાં આ કામે ફરીયાદ પક્ષે મેડીકલ ઓફીસરના પુરાવા મુજબ ઈજા પામનારને થયેલ ઈજા ઉઝરડા સ્વરૂપની હોય તેઓએ ઈજા પામનારને બહારના દર્દી તરીકે સારવાર આપી જવા દેવામાં આવેલ છે.વધુમાં આ કામે પોલીસ સાહેદનો પુરાવો નોંધવામાં આવેલ છે પરંતુ નજરે જોનાર કોઈ સાહેદોએ બનાવને સમર્થન કરેલ નથી જેથી માત્ર ડોકટર તથા પોલીસ સાહેદના પુરાવાના આધારે આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**આ ખ રી હુ ક મ**

૧. આ કામના આરોપી ભાલચંદ રામદુલારે યાદવ રહેઃ-જલારામ નગર સોસાયટી,ગોડાદરા,લીંબાયત,સુરત નાઓને ક્રી.પ્રો. કોડ કલમ ૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭,૩૪ તથા બી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી મુદ્દામાલ હીરો હોન્ડા મોટર સાયકલ નં.જેનો રજીસ્ટ્રેશન નંબર નથી જેનો ચેસીસ નં.આર૧૨એફ૬૧૬૪૭ તથા એન્જીન નં.એચઆઈ૦ઈ-૬૮૯૨૦૫ છે જેની સંબંધીત અદાલતે ઈન્કવાયરી કરી તે અંગે યોગ્ય હુકમ કરવો તેમજ બાકીનો મુદ્દામાલ અપીલ સમય વિત્યાબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીના જામીનખત રદ કરવામાં આવે છે અને તેથી જામીનદારને જામીનગીરીમાંથી મુકત કરવામાં આવે છે.

૪. આ કામે ક્રી.પ્રો.કોડ કલમ ૪૩૭(ક)ની જોગવાઈ અન્વયે આરોપીએ રૂા. ૫૦૦૦/-(અંકે રૂપીયા પાંચ હજાર પુરા)ના સધ્ધર સ્થાવર મીલકત ધરાવતા જામીન અપીલ પીરીયડ છ માસના સમયગાળા માટે આપવાના રહેશે.

આ ચુકાદો આજ તા.૩૧ મી માહે જુલાઈ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સુરત

તારીખઃ૩૧.૭.૨૦૧૯

(રાજેશ કરમારસિંહ દેસાઈ)
સત્ર ન્યાયાધીશ
સુરત
કોડ નં.જીજે-૦૦૯૧૨